આપણું પોતાનું અખબાર

તમે જે ખરેખર છો તે જોરશોરથી તમારા વર્તન દ્વારા પોકારી રહ્યું છે
- ઓશો

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૩૦૭ | ૨૦ જાન્યુઆરી, ૨૦૧૫, મંગળવાર ; પોષ વદ - ०)) | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# પાટનગરમાં કોલ્ડવેવ

## સુસવાટાભર્યા પવનોથી ગાંધીનગર ધ્રુજ્યુ : પારો ૮.૫ : જાન્યુઆરી માસનો શિયાળો આકરો લાગી રહ્યો છે : સુસવાટાભર્યા પવનો અને ઠારથી વસાહતીઓ ઠુંઠવાયા

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગરમાં સતત છેલ્લા એક અઠવાડીયાથી ઠાર અને સુસવાટાભર્યા પવનોનો અનુભવ થઈ રહ્યો છે. જાન્યુઆરી માસના કોલ્ડવેવથી વસાહતીઓ હવે ત્રાસી ગયા છે ઠંડી હવે થોડીક ઓછી થાય તેવું સૌ કોઈ ઈચ્છી રહ્યા છે. સોમવારે લઘુત્તમ તાપમાન ૮.૫ નોંધાતા ગાંધીનગરાઓએ આકરી ઠંડીનો અનુભવ કર્યો હતો.

ઘરના બારી બારણા ૨૪ કલાક બંધ રાખવા પડે તેવી આકરી ઠંડી છેલ્લા કેટલાક દિવસોથી પડી રહી છે. ઠંડા પવનોએ જાણે શહેર પર કબ્જો જમાવી લીધો હોય તેવી આકરી ઠંડી છેલ્લા કેટલાક દિવસોથી અનુભવાઈ રહી છે. આખો દિવસ સુસવાટાભર્યા પવનો ફુંકાયા કરે છે. ઠંડા પવનોના કારણે ઘરને આખો દિવસ બંધ રાખવું પડે છે. ઘરની બહાર નીકળવું આકરું થઈ ગયું છે. ઘરની ફર્શ બરફ જેવી ઠંડી થઈ જતા આખો દિવસ પગમાં મોજા પહેરી રાખવા પડે છે. વૃધ્ધો અને બાળકોની સ્થિતિ કફોડી બની છે. ઠંડા પવનોની સાથે ઠાર અનુભવાતા ઝુંપડપટ્ટીમાં રહેતા શ્રમજીવીઓ આખી રાત તાપણું સળગાવી ઠંડીથી બચવાના પ્રયાસો કરતા નજરે ચઢે છે. રાત પડતા જ ઠંડીની તીવ્રતા એકાએક જ વધી જાય છે. તીવ્ર ઠંડીની સીધી અસર જનજીવન પર જોવા મળે છે. માર્ગો અને સેકટરોનો આંતરિક વિસ્તાર એકદમ સુમસામ થઈ જાય છે. સોમવારે લઘુત્તમ તાપમાન ૮.૫ ડિ.સે. નોંધાતા ગાંધીનગરમાં આકરી ઠંડી અનુભવાઈ હતી. જ્યારે મહત્તમ તાપમાન ૨૬.૫ ડિ.સે. નોંધાયું હતું. જ્યારે ભેજનું પ્રમાણ સવારે ૬૧ ટકા અને સાંજે ૩૫ ટકા નોંધાયું હતું.



(તસવીર : કશ્યપ નિમાવત)

# મનપાનું ડ્રાફ્ટ બજેટ ૨૨મીએ

## મ્યુનિ. કમિશનર સફાઈવેરામાં સુધારો સૂચવવાની સાથે સાથે મિલ્કતવેરાની નવી આકારણી માટે રિસર્વે કરવાની દરખાસ્ત રજુ કરશે

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર મહાનગરપાલિકાનું વર્ષ-૨૦૧૫-૧૬ના અંદાજપત્ર મ્યુનિ. કમિશનર શ્રી જી.આર. ચૌધરી ૨૨મીએ સ્ટેન્ડીંગ કમિટી સમક્ષ રજુ કરશે.

બપોરે ૨.૧૫ કલાકે મ્યુનિ. કમિશનરશ્રી તેમનુ ડ્રાફ્ટ બજેટ સ્ટેન્ડીંગ કમિટીની બેઠકમાં રજુ કરશે જેમાં ખાસ કરીને આવકના નવા સાધનો ઉભા કરવા પર ભાર મુકશે તેમ જણાઈ રહ્યું છે.

ગાંધીનગર મહાનગરપાલિકા પાસે હાલ માત્ર સફાઈની સેવા છે એટલે આવકના નવા સાધનો ઉભા કરવાની મર્યાદા છે. જો કે તેઓ તેમના ડ્રાફ્ટ બજેટમાં પુનઃ રહેણાંક વિસ્તારમાં સફાઈના વર્તમાન દરમાં સુધારો કરવાનું સૂચવી તે રૂ. ૧૦૦ નિયત કરવા સૂચવશે તેમ મનાઈ રહ્યું છે.

મહાનગરપાલિકાના કાઉન્સીલરોને વિકાસના કામ માટે અપાતા નાણાંમાં કપાત સૂચવે તેમજ મેયરશ્રીને વિકાસ માટે અપાતી વિશેષ ગ્રાન્ટમાં પણ કાપ મુકવાની દરખાસ્ત તેમના આ બજેટમાં સુચવે તેવી શક્યતાઓ છે.

મનપામાં વધતા જતા પગાર ખર્ચના ભારણને લઈ તેઓ કરકસરની સાથે સાથે વિકાસ કામો પર વિપરીત અસર પડે નહિ તે રીતે સંતુલિત બજેટ રજુ કરે તેવી સંભાવનાઓ છે.

મનપાનુ બજેટ રૂ. ૧૨૫ કરોડની આસપાસનું રહેશે તેમ મનપાના અંતરંગ સૂત્રોમાંથી જાણવા મળેલ છે. મિલ્કતવેરા સહિતના અન્ય વેરાઓની વસુલી માટે સઘન કામગીરી કરવાના નિર્દેશો સાથે નવી આકારણી માટે એજન્સી નિયત કરવાની દરખાસ્ત પણ અંદાજપત્રમાં સૂચવવામાં આવે તેવી શક્યતાઓ છે.

રાજ્ય સરકારે મનોરંજન કરની આવકની વસુલી અંગે સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓને સત્તા સુપ્રત કરે છે તેથી આ અંગે જરૂરી મહેકમ ઉભુ કરવા માટેની પણ દરખાસ્ત આ બજેટમાં રજુ થશે તેમ મનાઈ રહ્યું છે.

ગાંધીનગર મહાનગરપાલિકાને નવી સત્તાઓ આ વર્ષે રાજ્ય સરકાર દ્વારા સુપ્રત કરવામાં આવે તેવી શક્યતાઓ પણ છે. જો કે મનપામાં વધતા જતા આર્થિક ભારણને લઈ આ વખતે અંદાજપત્રમાં કરકસરની નીતિનો અમલ કરાશે તેવા સંકેતો જરૂર મળી રહ્યા છે.



(તસવીર : કશ્યપ નિમાવત)

પોપટ વૃક્ષની ડાળે - પોપટ આપણું પ્રિય પંખી છે... સૌને ગમે, મીઠો લાગે, મીઠું બોલે વિગેરે વિગેરે સકારાત્મક ભાવોથી તરબતર પોપટને નિરખવાનો લ્હાવો હોય છે... આજકાલ પોપટ ઓછા દેખાય છે... ચકલીની જેમ પોપટની સંખ્યા પણ દિન-પ્રતિદિન ઘટતી જાય છે... મોબાઈલના વેવ્સ કે પર્યાવરણની અશુદ્ધિ જેવા અનેક કારણોસર આપણા આંગણામાં શોભતા પંખીઓ દુર્લભ બન્યા છે... ગ્લોબલ વૉર્મિંગની ચર્ચા અને ચિંતા કરતા આપણે આપણા ઘરની શોભા સમાન આ પક્ષીઓને ગુમાવતા જઈએ છીએ... પર્યાવરણની ચિંતા માટે સેમિનારોની આવશ્યકતા નથી પણ આંગણાના આ પક્ષીઓને બચાવવા માટે દૃષ્ટિકોણ બદલવાની જરૂર છે... ઘણુંબધુ કરી શકાય એમ છે. પરંતુ સુખ-સુવિધાની પાછળ આંધળુકિયામાં અટવાયેલી માનવ જાત પર્યાવરણ સંમતુલન માટે વૃક્ષની ડાળ પર શોભતા ચીચી-કાકા-કુકુ કરતાં પંખીઓનો કલરવ સાંભળવા હવે દુર્લભ બની ગયો છે... હજુ મોડું નથી થયું... આવો ફરીથી આપણાં પક્ષીઓના રક્ષણ માટે આપણા પર્યાવરણના જતન માટે થોડુંક થોભી જઈએ... થોડાક ગંભીર બનીએ... અને જાતના માધ્યમથી જગતને પામીએ....

# મેડીકલ કોલેજના ચોથા વર્ષના અભ્યાસક્રમની મંજૂરી અટવાઈ

## પુનઃ કાઉન્સીલ દ્વારા ઈન્સ્પેકશન થાય તેવી શકયતાઓ : પુનઃ ઈન્સ્પેકશનની શકયતાઓને ધ્યાને રાખી કોલેજ સત્તાવાળાઓમાં તૈયારીઓનો ધમધમાટ

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગર મેડીકલ કોલેજમાં ચોથા વર્ષના અભ્યાસક્રમની મંજુરી ઘોંચમાં પડી છે અને મેડીકલ કાઉન્સીલ ઓફ ઈન્ડિયા દ્વારા બીજી વાર ઈન્સ્પેકશન હાથ ધરવામાં આવે તેવી શકયતાઓ છે.

મેડીકલ કાઉન્સીલ ઓફ ઈન્ડિયાની ટીમે ચોથા વર્ષના અભ્યાસક્રમ માટે ગત નવેમ્બરમાં કોલેજનું ઈન્સ્પેકશન હાથ ધર્યુ હતું. બે દિવસ સુધી ઈન્સ્પેકશન બાદ બે માસ જેટલો સમય પસાર થઈ જવા છતાં કાઉન્સીલ તરફથી હજુ મંજુરી આપવામાં આવી નથી આ વાતને લઈ કોલેજના સત્તાવાહકોમાં ચિંતાની લાગણી ઉભા થવા પામી છે.

મેડીકલ કાઉન્સીલની ટીમનું ઈન્સ્પેકશન હતું તે દરમિયાન જ સિવીલ હોસ્પિટલમાં નવા વોર્ડ શરુ કરાયા હતા અને દર્દીઓની હાલાકી પણ ટીમના ધ્યાને આવી હતી તેથી કદાચ બિલ્ડીંગ અને સ્ટાફ પેટર્નને લઈ ગંભીર કવેરીઓ કાઉન્સીલના રિપોર્ટમાં હોવાનું મનાઈ રહ્યું છે.

મળતી વિગતો પ્રમાણે કોલેજને ગત વર્ષે પણ મંજુરી મોડી મળી હતી.

● અનુસંધાન પાન-૭ પર

# મુખ્યમંત્રીશ્રી આજે હરિયાણાના પાનીપતમાં

ગાંધીનગર, તા.૧૯

મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલ મંગળવાર ૨૦ જાન્યુઆરી ૨૦૧૫ના હરિયાણાના પાનીપતમાં યોજાનારી ''બેટી બચાવો-બેટી પઢાઓ'' વિષયક રાષ્ટ્રીય કાર્યશાળામાં ઉપસ્થિત રહેશે.

કેન્દ્રીયમંત્રી શ્રીમતી મેનકા ગાંધી અને વિવિધ રાજયોના મુખ્યમંત્રીશ્રીઓ આ વર્કશોપમાં ઉપસ્થિત રહેવાના છે.

પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી તા. ૨૨ જાન્યુઆરી-૨૦૧૫ના આ કાર્યક્રમનું રાષ્ટ્રવ્યાપી લોન્ચીંગ કરવાના છે તે પૂર્વે મહિલા સશકિતકરણ અને નારીકલ્યાણની વિવિધ યોજનાઓના વૈચારિક આદાન-પ્રદાન અને બેસ્ટ પ્રેકટીસીસના એકસપીયરન્સ શેરિંગ માટે યોજાઈ રહેલા આ વર્કશોપમાં ગુજરાતના મુખ્યમંત્રીશ્રી રાજયમાં મહિલા-બાળ કલ્યાણની નવિનત્તમ પહેલો અંગે વકતવ્ય આપવાના છે.

# જિલ્લાની ૭૦ શાળાઓમાં વર્ચ્યુઅલ ક્લાસરૂમ

## ધોરણ- ૬ ના બાળકોને નિયમિત રીતે અંગ્રેજી વિષયનું જ્ઞાન આપવાનો પાયલોટ પ્રોજેક્ટ અમલી બનાવાયો છે

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર જિલ્લાની ૭૦ શાળાઓમાં ધો. ૬માં અંગ્રેજી વિષયના વર્ચ્યુઅલ ટીચીંગ ક્લાસનો પાયલોટ પ્રોજેક્ટ અમલમાં મુકવામાં આવ્યો છે અને તેના સારા પરિણામો મળ્યા છે.

ગાંધીનગર સહિત રાજ્યના ૬ જિલ્લાઓમાં ૬૦૦ જેટલી શાળાઓમાં વર્ચ્યુઅલ ક્લાસરૂમનો પાયલોટ પ્રોજેક્ટ અમલી બનાવવામાં આવ્યો છે. ગાંધીનગર જિલ્લામાં માણસાની ૧૩, ગાંધીનગરની ૨૯, દહેગામની ૧૩ અને કલોલની ૧૫ શાળાઓમાં આ પ્રોજેક્ટ અંતર્ગત બાળકોને શિક્ષણ આપવામાં આવી રહ્યું છે. જ્યારે મહેસાણા, બનાસકાંઠા, ખેડા, અમદાવાદ અને પાટણ જિલ્લાની શાળાઓમાં આ પાયલોટ પ્રોજેક્ટ ચાલે છે.

રોજ સવારે ૧૧.૧૫ થી ૧૨.૦૦ વાગ્યા સુધી અંગ્રેજી ભાષાનું શિક્ષણ આ ક્લાસરૂમમાં આપવામાં આવે છે. અત્યાર સુધીમાં ૩૧ જેટલા પ્રસારણો આ ક્લાસરૂમમાં બાયસેગની મદદથી કરવામાં આવ્યા છે.

શિક્ષણ વિભાગના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે અંગ્રેજી વિષયના શિક્ષકો જ્યાં ઉપલબ્ધ નથી તેવી શાળાઓની પસંદગી કરવામાં આવી છે. ભાષાના અન્ય શિક્ષકો આ

● અનુસંધાન પાન-૭ પર




૧ થી ૩૦ સેક્ટર માટે
LED TV, LCD TV, Colour TV
રીપેરીંગ માટે ફોન કરો
સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ
ફોન : ૨૩૨ ૮૭૧૧૫, મો. : ૯૪૨૬૨ ૭૦૪૮૧, ૯૭૧૪૧ ૯૮૩૬૬

કાશ્મીર-પહેલગામ-ગુલમર્ગ 11,700/-
કેરાલા-થેકડી-મુન્નાર 9,700/-
સિમલા-કુલુ-મનાલી 11,700/-
લેહ-લડાખ-નુબ્રાવેલી
ગંગટોક-દાર્જીલીંગ-પેલીંગ-લાચુંગ
નૈનીતાલ-મસુરી-કોર્બેટ-રાનીખેત
આંદામાન-નિકોબાર હેવલોક
નેપાળ ભુતાન
DUBAI 4N 5D માત્ર 27,700/- 7878555656
રાધેક્રિષ્ના ટુરીઝમ
સી.જી.રોડ : 26441666, 9426255522
પાલડી : 7878504040 • ગાંધીનગર : 9586860867

